

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના સતીશ અને રાહુલને વેઈટલીફટીંગમાં ગોલ્ડ મેડલ





ગોલ્ડ કોસ્ટ,તા.૭

ગોલ્ડ કોસ્ટમાં રમાઈ રહેલ ૨૧મી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના વેટલિફટરોનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. શનિવારના રોજ પુરુષોના ૭૭ કિલોગ્રામ કેટેગરીમાં સતીશ કુમાર શિવલિંગમે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. તેમણે કુલ ૩૧૭ (સ્નેચ ૧૪૪ કિલોગ્રામ, કલીન એન્ડ જર્ક ૧૭૩ કિલોગ્રામ) વજન ઉઠાવ્યું. આ રમતમાં ત્રીજો ગોલ્ડ અને કુલ મળીને પાંચ પદક મળ્યા છે. ભારતને આ તમામ મેડલ વેટલિફ્ટિંગમાં જ મળ્યાં છે.

સતીશે સ્નેચમાં પોતાના પહેલાં પ્રયાસમાં ૧૩૬ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. ત્યારબાદ ૧૪૦ અને પોતાના છેલ્લાં પ્રયાસમાં ૧૪૪ કિલોગ્રામ વજન ઉઠાવ્યું. સ્નેચ બાદ જો કે ઇંગ્લેન્ડના જૈક ઓલિવરથી એક કિલોગ્રામ પાછળ રહ્યાં હતા. તેમણે ૧૪૫ કિલોગ્રામ સર્વશ્રેષ્ઠ વજન ઉઠાવ્યું હતું. પરંતુ સ્નેચમાં એક કિલોગ્રામ આગળ રહેનાર ઓલિવર કલીન એન્ડ જર્કમાં પોતાનું શાનદાર પ્રદર્શન દોહરાવી શકયા નહીં. તેમણે પહેલાં પ્રયાસમાં ૧૬૭ કિલોગ્રામ વજન ઉઠાવ્યું જો કે ત્યારબાદ બંને પ્રયાસ ૧૭૧ કિલોગ્રામ વજનના તેમના પ્રયાસ અસફળ રહ્યા. તેઓ કુલ મળીને ૩૧૨ કિલોગ્રામ વજન જ ઉઠાવી શકયા. તેમને સિલ્વર મેડલ મળ્યો. ઑસ્ટ્રેલિયાના ફ્રાંસિસ ઈતાઉંદી ૩૦૫ કિલોગ્રામ (સ્નેચ ૧૩૬ કિલોગ્રામ, કલીન એન્ડ જર્ક ૧૬૯ કિલોગ્રામ)ની સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

# સલમાનને અંતે જામીન

### શરતી રીતે જોધપુર કોર્ટે જામીન આપતા સલમાન જેલથી બહાર : મંજુરી વગર વિદેશ જઈ શકશે નહીં : ૨૫-૨૫ હજાર રૂપિયાના બે સ્યોરિટી બોન્ડ અને ૫૦ હજાર રૂપિયાના પર્સનલ બોન્ડ પર મુક્ત : મુંબઈ પરત ફર્યો

જોધપુર, તા. ૭

કાળા હરણ શિકારના મામલામાં બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનને જોધપુરની કોર્ટે આજે આખરે શરતી જામીન આપી દેતા તેના કરોડો ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ કેસમાં સલમાનને પાંચ વર્ષની સજા કરવામાં આવ્યા બાદ બોલિવુડમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું પરંતુ આજે સલમાનને શરતી જામીન મળી ગયા હતા. આની સાથે જ મોડી સાંજે સલમાન જેલમાંથી મુક્ત થયો હતો અને મુંબઈ પરત ફર્યો હતો. સલમાન ફરી એકવાર પોતાના વ્યસ્ત કાર્યક્રમમાં હવે જોડાઈ જશે. અભિનેતાને ૫૦ હજાર રૂપિયાના અંગત બોન્ડ અને ૨૫-૨૫ હજાર રૂપિયાની બે બાંહેધરીના આધાર ઉપર સલમાન ખાનને જામીન

આપી દેવામાં આવ્યા છે. સલમાનના જેલ સાથે સંબંધિત તમામ પેપરોની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવ્યા બાદ તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. બીજી બાજુ સલમાનને સજાના મામલામાં બિશ્નોઈ સમાજના લોકોએ કોર્ટમાં આ ચુકાદાને પડકાર ફેકવા માટે પરની તૈયારી બતાઈ છે. સલમાનને સજા અપાવવાના હેતુસર બિશ્નોઈ સમાજ હજુ લડાયક મુડમાં છે. બિશ્નાઈ સમાજના વકીલ મહિપાલ બિશ્નોઈએ કહ્યું છે કે, અમે સલમાનના મામલામાં વધુ લડત લડવા તૈયાર છીએ. આ ચુકાદાની સામે રાજસ્થાન હાઈકોર્ટમાં રજુઆત કરવાની તૈયારી બિશ્નોઈ સમાજ દ્વારા કરવામાં આવી છે. લેખિત ચુકાદામાં ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ દેવ કુમાર ખત્રીએ કહ્યું છે કે, આરોપી લોકપ્રિય અભિનેતા છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસમાં જોધપુરની કોર્ટે ગુરૂવારના દિવસે તેનો ચુકાદો આપી દીધો હતો. કોર્ટે આ કેસમાં બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને દોષિત જાહેર કર્યો હતો અને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત તેના ઉપર ૧૦૦૦૦ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. સજા વધારે હોવાથી જાહેર કર્યા હતા. આ કેસમાં સેફ અલી ખાન, સોનાલી બેન્દ્રે, નીલમ અને તબ્બુને નિર્દોષ જાહેર કરવામાં જોધપુરની અદાલતે ૨૮મી માર્ચના દિવસે સુનાવણી પૂર્ણ કરી લીધી હતી. ચીફ જયુડિશિયલ





ચુકાદો આવ્યા બાદ સલમાનને તરત જ કસ્ટડીમાં લઈને જેલમાં લઈ જવામાં આવ્યો હતો. આ કેસમાં અન્ય આરોપીઓ નિર્દોષ આવ્યા હતા. ચુકાદા પહેલા સલમાને પોતાને નિર્દોષ હોવાની દલીલો કરી હતી. અગાઉ વર્ષ ૧૯૯૦ના આ કેસના મામલે મેજિસ્ટ્રેટની કોર્ટે આ મામલામાં તપાસ પૂર્ણ કરી લીધી હતી અને ચુકાદો પાંચમી સુધી અનામત રાખ્યો હતો.

### વાયુ સેનાનો સૌથી મોટો યુધ્ધ અભ્યાસ

## ચીન-પાકિસ્તાન સરહદે ભારતનું શકિત પ્રદર્શન

ન્યુ દિલ્હી,તા.૭

યુદ્ધની તૈયારીઓ પારખવા ભારતીય વાયુસેનાએ એનો સૌથી મોટો યુદ્ધાભ્યાસ કરવા જઈ રહી છે. આ યુદ્ધાભ્યાસ ચીન અને પાકિસ્તાની સરહદ પર કરવામાં આવશે. યુદ્ધાભ્યાસ મારફતે ભારત દુનિયાને તેની તાકાતનો પરચો આપશે. ગગન શક્તિ ૨૦૧૮નામનો આ યુદ્ધાભ્યાસ ૧૦ એપ્રિલથી ૨૩ એપ્રીલ સુધી ચાલશે. એરફોર્સ ચીફના આદેશ પર ભારતીય વાયુસેના ૪૮ કલાકની અંદર તેનો સસ્ત્રસરંજામને યુદ્ધની માફક જ રવાના કરશે. આઈએએફ તેની તમામ એસેટ્સ અને યુદ્ધ સાથે સંકળાયેલા સામાનને એક મોટા યુદ્ધાભ્યાસ માટે તૈયાર કરી રહ્યું છે. આ યુદ્ધાભ્યાસમાં ૧૧૦૦થી વધારે ફાઈટર જેટ્સ, ટ્રાંસપોર્ટ વિમાન અને રોટરી વિંગ (હેલિકોપ્ટર) એરક્રાફટને આ અભ્યાસમાં શામેલ કરશે.

પાકિસ્તાન સાથે અડીને આવેલી પશ્ચિમી સરહદ અને ઉત્તરી ક્ષેત્રોમાં ચીનની સરહદ પર આ યુદ્ધાભ્યાસ દિવસ અને રાત્રે પણ યથાવત રહેશે. પહેલી વાર ભારતનું સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફટ તેજસ પણ આ યુદ્ધાભ્યાસમાં શામેલ થશે અને તે આક્રમક અને રક્ષનાત્મક એમ બંને ભૂમિકા અદા કરશે. નૌકાદળનું મેરીટાઈમ કોમ્બેટ એરક્રાફટ મિગ ૨૦ પણ આ યુદ્ધાભ્યાસમાં શામેલ થશે.

પ્રોટોકોલ અંતર્ગત પાકિસ્તાનને આ બાબતેની સૂચના આપી દેવામાં આવી છે. આ યુદ્ધાભ્યાસ કેટલો મોટો છે એનો અંદાજ એ વાત પરથી જ લગાવી શકાય કે એરફોર્સના ૩૦૦થી વધારે અધિકારીઓ અને ૧૫૦૦થી વધારે એરમેનને યુદ્ધાભ્યાસના સ્થળ માટે રવાના પણ કરી દેવામાં આવ્યાં છે. યુદ્ધની પરિસ્થિતિમાં દુશ્મનોને ત્રણેય સેનાઓ જડબાતોડ જવાબ આપી શકે તે માટે અભ્યાસમાં ભૂમિદળ અને નૌકાદળ પણ શામેલ થશે.

આ યુદ્ધાભ્યાસમાં ભારતની લડાયક અને રક્ષણાત્મક એમ બંને પ્રકારની ક્ષમતાનું પ્રદર્શન થશે. મહત્વપૂર્ણ વાત એ છે કે, આઈએએફ યુદ્ધની તૈયારીઓને પણ તમામ પ્રકારની પરિસ્થિતિઓ (જેવી કે રણ, ઉંચાઈ, સમુદ્ર)માં અને સ્પેશિયલ ઓપરેશંસને રિયલ ટાઈમમાં પારખશે.

## ત્રાસવાદીઓ દરિયાઇ માર્ગ મારફતે ભારતમાં ઘુસી શકે

### ગુજરાત, ગોવા અને મુંબઈમાં એલર્ટ : ગોવામાં માછલી પકડવાના જહાજ મારફતે ત્રાસવાદીઓ આવી શકે છે

નવી દિલ્હી,તા. ૭

દેશના જુદા જુદા ભાગોમાં હજુ પણ ત્રાસવાદી હુમલા થવાના ખતરા રહેલા છે. નવી ઈન્ટેલિજન્સ બાતમી બાદ આ બાબત સપાટી પર આવી છે. ગોવામાં માછળી પકડવાના જહાજો મારફતે ત્રાસવાદીઓ ભારતમાં ઘુસી શકે છે તેવી ગુપ્તચર માહિતી મળ્યા બાદ ગોવામાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. ચકાસણી વધારી દેવામાં આવી છે. બાતમી મળ્યા બાદ રાજ્યમાં દરિયાઈ કિનારે તમામ જહાજો અને કેસિનોને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યુ છે. રાજ્યના બંદર પ્રધાન જયેશ સલગાંવકરે કહ્યુ છે કે ભારતીય દરિયાકાઠાના જવાનો પશ્ચિમ દરિયાકાઠે ત્રાસવાદી હુમલા થઈ શકે છે તેવી બાતમી આપી રહ્યા છે. તેમના તરફથી આવી માહિતી મળ્યા બાદવિભાગના દરિયા કાઠા પર સ્થિત તમામ કેસિનો, વોટર સ્પોર્ટ સંચાલકો અને નોકાને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. સલગાંવકરે કહ્યુ છે કે એલર્ટ માત્ર ગોવા માટે નથી બલ્કે મુંબઈ અને ગુજરાતના દરિયા કાઠા માટે પણ છે. પરંતુ અમે જહાજો અને સંબાંધિત એજન્સીને એલર્ટ કરી દેવામાં આવી છે. મંત્રીએ કહ્યુ છે કે પાકિસ્તાન દ્વારા જપ્ત કરવામાં આવેલી માછળીને પકડી પાડવા માટે નૌકાને છોડી દેવામાં આવી છે. કેપ્ટન ઓફ પોર્ટસના જેમ્સ બ્રેગાંજાએ ગોવાના પ્રવાસ વિભાગ અને તમામ વોટર સ્પોર્ટસના સંચાલકો, કેસિનો અને ક્રુઝ જહાજોને આ પ્રકારના સંદેશા મોકલી દેવામાં આવ્યા છે. એવા હેવાલ મળ્યા છે કે રાષ્ટ્ર વિરોધી તત્વો કરાચીમાં પકડી પાડવામાં આવેલી ભારતીય નોકામાં બેસીને ભારત તરફ આવી શકે છે. તેમના ઈરાદા મહત્વપૂર્ણ સ્થળો પર હુમલા કરવાના છે. તમામ જહાજો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. શકાસ્પદ ગતિવિધી અંગે તમામને તરત જાણ કરવા માટે કહેવામાં આવ્યુ છે.

## દિલ્હીના હવામાનમાં પલટો ભારે વરસાદની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૭

ગઈ કાલે રાતથી જ વાતાવરણ બદલાતાં દિલ્હી અને એનસીઆરમાં આંધી સાથે કેટલીક જગ્યાએ હળવો વરસાદ થતાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.ત્યારે હવામાન વિભાગે બે દિવસમાં આ વિસ્તારમાં ભારે વરસાદ પડે તેવી આગાહી કરી છે. વાતાવરણ પલટાતાં ૨૪ ફલાઈટને ડાઈવર્ટ કરવામા આવતાં ફલાઈટ એક કલાક મોડી પડી હતી. કેટલીક ટ્રેન સેવા પર તેની અસર પડી હોવાનું જાણવા મળી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં ચાર દિવસ આવું વાતાવરણ જળવાઈ રહે તેવી સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગઈ કાલે સાંજે પાંચ વાગ્યાથી જ ૮૧ કિમી પ્રતિ કલાકની ઝડપથી આંધી આવી હતી. જેના કારણે ગઈ કાલે સાંજથી જ વાતાવરણમાં પલટો આવી ગયો હતો. અને વિઝિબિલિટી પણ ઘણી ઓછી થઈ ગઈ હતી. બાદમાં દિલ્હી તેમજ એનસીઆરમાં કેટલાંક સ્થળોએ હળવો વરસાદ થતાં વાતાવરણમાં એકાએક પલટો આવી ગયો હતો.

જોકે આગામી ૧૫ એપ્રિલ બાદ દિલ્હી તેમજ એનસીઆરમાં લૂ ચાલુ થઈ જશે. જોકે આ વખતે થોડા દિવસ પહેલાં જ દિલ્હીમાં ગરમીમાં વધારો થઈ ગયો હતો. તેમ છતાં બે દિવસ આવું વાતાવરણ જળવાઈ રહે તો આ વિસ્તારમાં ભારે વરસાદ પડે તેવી સંભાવના છે. તેના કારણે કિસાનો ચિંતામાં મુકાઈ ગયા છે.

દરમિયાન કનીના, મહેન્દ્રગઢમાં પણ વાદળો છવાયેલાં જોવાં મળ્યાં હતાં.તેથી આ વિસ્તારમાં પણ વરસાદ થવાની સંભાવના છે. અટેલી, નાંગલ ચૌધરી, નિઝામપુર, ગોદ-બલાહા તથા નારનૌલમાં પણ ૨૦ એમએમ વરસાદ થતાં વાતાવરણ પલટાતાં હજુ પણ વરસાદ થવાની સંભાવના છે.

## રંગારંગ કાર્યક્રમની વચ્ચે આઈપીએલ-૧૧ની શરૂઆત





મુંબઈ,તા. ૭

જેની ક્રિકેટ ચાહકો ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા તે આઈપીએલ-૧૧ની આજે રંગારંગ કાર્યક્રમની વચ્ચે શરૂઆત થઈ હતી. કાર્યક્રમમાં રિતિક રોશન, પ્રભુ દેવા, વરૂણ ધવન, જેકલીન, તમન્ના ભાટીયા અને મિકા સિંઘએ તમામના દિલ જીતી લીધા હતા. આ તમામ કલાકારોએ પોતાપોતાના ગીત ઉપર ડાંસ કરીને તમામને રોમાંચિત કરી દીધા હતા. આઈપીએલ-૧૧ની મેચો દસ શહેરોમાં રમાનાર છે. આગામી સપ્તાહો સુધી હવે જોરદાર રોમાંચ રહેનાર છે.આઈપીએલ-૧૧માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત આજે થઈ હતી. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૧૧માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે. અગાઉની સિઝન ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળે છે કે, દરેક સિઝનમાં ગુજરાતના કોઈ ખેલાડીએ ભવ્ય દેખાવ કર્યો છે.

આ તમામ ખેલાડીઓને પસંદગીકારોનુ ધ્યાન દોરવાની તક રહેલી છે. ગુજરાતના જે ખેલાડી રમાનાર છે જેમાં ઈરફાન, યુસુફ, પાર્થિવ પટેલ સિવાય જયદેવ ઉનડકટ, અક્ષર પટેલનો સમાવેશ થાય છે.તમામ ૧૦ સ્ટેડિયમ ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. લીગ તબક્કામાં કુલ ૫૬ મેચો રમાનાર છે. લીગ મેચો સાતમી એપ્રિલથી શરૂ થશે. ટોપની ચાર ટીમો પ્લે ઓફમાં રમનાર છે. આ વખતે અનેક સ્ટાર ખેલાડી હાલમાં ઘાયલ હોવાથી ક્રિકેટ ચાહકો નિરાશ છે.

## બાગાયત સહાય મેળવવા અરજીઓ મંગાવાઈ

રાજ્યના ખેડૂતોને બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘર આંગણે આસાનીથી મળી રહે તે હેતુસર http://ikhedut.gujarat.gov.in પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. આ પોર્ટલ મારફતે સને ૨૦૧૮-૧૯ માટે સહાય અરજીઓ મેળવવાની થાય છે.

રાજ્યના ખેડૂતોને બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો મહત્તમ લાભ મળી રહે તે આશયથી બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ ફળપાક, શાકભાજી પાક, ફૂલપાક, સુગંધિત અને ઔષધિયપાક, ઓઈલપામ, બાગાયતી યાંત્રિકરણ, તાડપત્રી, પેકીંગ મટેરીયલ, ગ્રીનહાઉસ/ટીસ્યુ.લેબ/કોલ્ડ સ્ટોરેજમાં વીજદર સહાય, પોલી હાઉસ / નેટ હાઉસમાં સોલઈલેસ કલ્ચર, મલ્ચીંગ, દેવીપુજક ખેડૂતો માટે શાકભાજીના બીયારણ, મધમાખી ઉછેર, પક્ષી/કરા સામે સંરક્ષણ નેટ, પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ વગેરે ઘટકોમાં લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ તા. ૬-૪-૨૦૧૮ થી તા. ૫-૫-૨૦૧૮ સુધી ખેડૂતો દ્વારા ઓન લાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકયું છે, જેનો લાભ ખેડૂત મિત્રોને લેવા બાગાયત નિયામકની યાદીમાં જણાવાયું છે.



**ધનસુરા તાલુકાની જામઠા પ્રાથમિક શાળામાં ગુણોત્સવ-૮ યોજાયો**

ધનસુરા તાલુકાની જામઠા પ્રાથમિક શાળામાં ગુણોત્સવ-૮ યોજાયો હતો. જેમાં ૧ થી ૮ ધોરણના બાળકોમાં વાચન, ગણન અને લેખનની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત ધોરણ ૬ થી ૮ માં ઓએમઆર પદ્ધતિથી વૈકલ્પિક કસોટી પણ યોજાઈ હતી. સાથે શાળાના એસએમસી સભ્યો સાથે ચર્ચા સાથે મધ્યાહન ભોજનની પણ તપાસ કરવામાં આવી હતી. સાથે વર્ગવ્યવસ્થા અને હાજરી, સમૂહ પ્રાર્થના સહીતની કામગીરી પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાહ્ય મુલ્યાંકન અધિકારી તરીકે ધનસુરા આર.એફ.ઓ એન.એમ. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા તેમજ લાયઝન ઓફિસર તરીકે ધનસુરા સીઆરસી ભાવિકભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય પિનલભાઈ પટેલ અને સ્ટાફ ધ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રીપોર્ટ તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં પાણી, ગટર , રસ્તા સહીતની માળખાગત સુવિધાઓ મુખ્ય છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે જી યુ ડી એમ દ્વારા એજન્સીને સર્વે કરવા માટે જવાબદારી સોંપવામાં આવી હતી. જયારે શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે એજન્સી દ્વારા રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. જેમાં એજન્સી દ્વારા શહેરના જુના સેકટરોને અનુલક્ષી રીપોર્ટ તૈયાર કરી દીધો છે. આ રીપોર્ટ તંત્ર દ્વારા સરકારને સુપ્રત કરી દેવાયો છે. આગામી દિવસોમાં રીપોર્ટના આધારે શહેરમાં ૨૪ કલાક મીટરથી પાણી આપવા માટેની યોજના અન્વયે મહત્વનુ આયોજન આખરી કરવામાં આવશે. જો કે આ યોજનાને આખરી થતા હજુ ૬ થી ૮ મહીના જેટલો સમય લાગે તેમ છે. શહેરમાં એકબાજુ પાણીનો બગાડ વિશેષ થતો હોવાનો આક્રોશ પ્રવર્તયો છે. સમગ્ર દેશમાં ભારતમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરવાસીઓ કરી રહયા છે. આવા સંજોગોમાં પાણીના બગાડ અને વપરાશ માટે છુટથી ટેવાયેલા શહેરીજનો માટે મીટર પધ્ધતિ પણ આકરી પુરવાર થાય તેમ છે. પાણીનો બગાડ ન થાય તે માટે પણ નવી યોજના અસરકારક પુરવાર થશે તેમ મનાઈ રહયુ છે. શહેરમાં ૨૪ કલાક પાણી આપવાની યોજના અન્વયે નગરજનોમાં પાણીનો કકળાટ શાંત થઈ જશે પરંતુ પાણી બગાડ થતો પણ અટકશે તેમ પણ મનાઈ રહયુ છે. જો કે આ યોજનાનો અમલ થતા હજુ વાર લાગશે

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલું...

મીનાક્ષી ચંદારાણા, ગોપાલી બૂચ, પારૂલ બારોટ, રાધિકા પટેલ, સ્નેહા પટેલ, સ્નેહલ તન્ના વગેરે અનેક કવયિત્રીઓની કલમો શબ્દો દ્વારા ''સ્વ''ની શોધ કરી છે. તો વળી અહીં એષા દાદાવાલા, નીલમ દોશી, સંસ્કૃતિરાણી દેસાઈ, પન્ના નાયક જેવી અનેક કવયિત્રીઓની ગેરહાજરી પણ સાલે છે. કેમ કે આવું કામ ઐતિહાસિક રીતે નોંધપાત્ર બનતું હોય છે. અને બહું ઓછું થતું હોય છે. તેથી શક્ય હોય ત્યા સુધી કોઈ કવયિત્રીએ કાવ્યો નથી મોકલ્યા તો એનો સામેથી સંપર્ક કરીને એમના કાવ્યો સમાવવા જોઈએ. જેથી આવા ગ્રંથોની સંપૂર્ણતા ભાવિમાં સંશોધકોને, અભ્યાસીઓને ખુબ જ ઉપયોગી નીવડે. ક્યાંક પ્રૂફની ભૂલો જોવા મળે છે ક્યાંક કોઈ કવયિત્રીએ પોતાનું કાવ્ય ''પુરુષ વચન''માં લખ્યું છે તેથી એવો ય પ્રશ્ન થાય કે શું એ કાવ્ય તેમણે જ લખ્યું હશે કે પછી ... જૂઓ

ઊર્મિલા પટેલ લખે છે કે - ગર્વિષ્ટ હું બનતો નથી એ વાતે મગરૂર છું
નથી જાણતો હું ખુદ ને, એટલે મશહૂર છું

આ સંગ્રહની કવિતાઓના થોડા ઉત્તમ ઉદાહરણો જોઈએ તો –

તારા ગયાની સાંજને અકબંધ રાખી છે
મેં એટલે બારી નયનની બંધ રાખી છે

- હેમલ દવે

સુખ આવે સાલું ટીપું ટીપું, દુઃખના ઘોડાપૂર
છે કાંઈ ક્યાં કહેવા જેવું, સારું છે ? ના પૂછ

- શ્રદ્ધા રાવલ ''સુમન''

રાંધણિયામાં ચુલો પેટાવવામાં જ / ઊગેલાં અને આથમેલા /
કંઈ કે.... ટલાંય સૂરજ ઢળતી ઉંમરે સ્થિર થઈ ગયા/
માની આંખના મોતિયામાં

- રેખાબા સરવૈયા

એવું નથી કે યાદ તારી આવતી નથી
પહેલાની જેમ એ હવે હંફાવતી નથી

- બિનીતા પુરોહિત

9426060601.india@gmail.com

### રઝળપાટ

● ચોથા પાનાનું ચાલું...

જેલર વિક્રમસિંઘે સાચું જ કહેલું કે 'જેલમાં આવતી વખતે જેમ બધા ને થાય છે એમ સલમાનને પણ થોડું ડીપ્રેશન હતું' અસલમાં ૧૯૯૮ની એ રાત્રે સલમાનને ખુદને પણ એ ખ્યાલ નહિ હોય કે મોજ-મજા માટે કાળીયાર પાછળ દોડાવાતી જીપ્સી એક દિવસ એને જોધપુર જેલમાં કેદી તરીકે પહોંચાડી દેશે...! કાળિયાર શિકારનો આ ચુકાદો આવા અનેકો કેસો માટે મિસાલ અને ખાસ તો કાયદો બધા માટે સમાન છે એનો કડક સંદેશો આપી જાય છે.

**વિસામો :** સલમાનને જોધપુર જેલમાં લવાયા પછી માહિતી આપતા જેલર વિક્રમસિંહને પત્રકારે પૂછ્યું 'જેલમાં કેટલા મચ્છરો છે ?' 'વિક્રમસિંહ ઉવાચ : 'ગણ્યા નથી...!

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ